## વાત ગાંધીનગરની

શુક્રવારની સાંજે નજીવા વરસાદ બાદ શનિવારે દિવસભર અસહ્ય ઉકળાટ સહેવો પડ્યો. સચિવાલય અને શહેરમાં મુલાકાતીઓનુ પ્રમાણ આમેય ઓછુ હોય ત્યારે આ વખતે પણ ઓછુ જ હતુ.

**સરકાર સુરતના દ્વારે...**

સુરતમાં વધતા જતાં કોરોના સંક્રમણને પગલે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, મુખ્ય સચિવ, અધિક મખ્ય સચિવ સહિત સરકારના ડઝન અધિકારીઓ સુરત પહોંચ્યા હતા. મેરેથોન બેઠકોના અંતે સુરત સાથે સમગ્ર રાજ્ય અને રાજ્ય સરકાર છે એવી હૈયાધારણ મુખ્યમંત્રીએ આપી હતી. એકાદ દિવસમાં બસ્સો વેન્ટિલેટર પહોંચાડવાની જાહેરાત સાથે અનેક સુવિધાઓના આદેશો કરાયા હતા. જો કે કોરોના પોઝીટીવના આંકડાઓ સંદર્ભે જવાબ આપવાના ટાળ્યા હતા.

**વીજળી પડતા વાઈ-ફાઈ ખોરવાયુ**

શુક્રવારે સાંજે સેક્ટર-૮ના સી-ટાઈપ વિસ્તારમાં વીજળી પડતા જીટીપીએલના વાઈફાઈની ડિવાઈસને ભારે નુકશાન થયુ હુ. જેના પગલે સેક્ટર-૮ અને સેક્ટર-૭ ના અમુક વિસ્તારોમાં વાઈફાઈ કનેક્ટીવીટી ખોરવાઈ હતી. સેક્ટર-૮ અને સેક્ટર-૭ ના રહીશોએ જીટીપીએલની કચેરીને ફરીયાદો માટે ફોન કરતા હજુ ડીવાઈસ રીપ્લેસ કરતા બે દિવસ લાગશે એવુ ટેકનીશીયનોએ જણાવ્યુ હતુ. પંદર દિવસમાં બીજી વીજળી પડી હતી. પહેલા વરસાદમાં સેક્ટર-૭ માં અને બીજા વરસાદમાં સેક્ટર ૮ માં વીજળી પડી હતી.

**વન મહોત્સવ વિસરાયો**

દર વર્ષે જુલાઈના પ્રથમ સપ્તાહમાં વન વિભાગ દ્વારા રાજ્યકક્ષાના, જિલ્લા કક્ષાના અને તાલુકા કક્ષાના વન મહોત્સવ ઉજવાતા હોય છે એટલુ જ નહી રાજ્યસ્તર, જિલ્લાસ્તર અને તાલુકા સ્તરના લક્ષ્યાંકો નીયત કરાતા હોય છે. સરકારના વન મહોત્સવના પગલે સ્વૈચ્છિક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ વૃક્ષારોપણના કાર્યક્રમો વ્યાપક રીતે યોજે છે. કોરોનાના કહેર વચ્ચે વૃક્ષારોપણની પ્રવૃતિ પણ અટકી પડી હોય એમ લાગે છે. હા કેટલીક સેવા સંસ્થાઓ છુટક છુટક વૃક્ષારોપણની પ્રવૃત્તિઓ કરે છે. પરંતુ કોરોના સંક્રમણના ભયના કારણે વ્યાપક સ્વરૂપે વૃક્ષારોપણ થયુ નથી.

**સમય વર્તે સાવધાન... વર-કન્યાના માપ-બાપ સાવધાન**

કોરોનાના કારણે કેટલાક પરોક્ષ લાભ પણ ઉભા થયા છે. કેટલાય પરીવારોને મર્યાદિત ખર્ચમાં શુભ પ્રસંગો ઉજવવા પડ્યાં છે. શહેરના કેટલાક બેન્કવેટ હોલ ધરાવતા વ્યવસાયકારોએ તક ઝડપી લાભદાયી યોજનાઓ પણ જાહેર કરી છે. એક લાખ એકાવન હજારમાં લગ્ન, એકત્રીસ હજારમાં રીસેપ્શાન અને એકવીસ હજારમાં બર્થ ડે ની ઉજવણી કરી આપવાની જાહેરાતોની સોશીયલ મીડિયામાં જમાવાટ છે. જેમાં ભોજન, મહારાજ, ચોરી સજાવટ, સાઉન્ડ, ફોટોગ્રાફર, વીડિયોગ્રાફર, માસ્ક, સેનેટાઈઝર સહિત બધી જ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની તત્પરતા જાહેરાતમાં આલેખાઈ છે અને માહિતી તો એવી છે કે શહેરના છ થી આઠ બેન્કવેટ હોલના બુકીંગમાં ભારે તેજી જોવા મળી રહી છે.

**અને છેલ્લે...**

આજે ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ છે. પણ ઉજવણી ઝાંખી પડશે કારણ કે ક્યાંય ઉજવણીનો ઉસાહ દેખાતો નથી. પહેલી વખત શિષ્ય-ગુરૂના આશિર્વાદ વિના વર્ષ પસાર કરશે. ગુરૂજીઓ પણ શિષ્યોના પ્રમામ પ્રત્યક્ષ નહી સ્વીકારી શકે એવુ આ પ્રથમ વખત બનશે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૬ કેસ

### આજે પણ સારવાર દરમિયાન બે ના મોત : ગાંધીનગરમાં ૫, કલોલમાં ૯ અને માણસામાં ૨ કેસ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૬ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આજે પણ સારવાર દરમિયાન વધુ બે દર્દીના મોત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ બે દર્દીના મોત થતાં સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૪૭ પર પહોંચી છે. આજે ગાંધીનગરના એક દર્દીનું અને કલોલના એક દર્દીનું સારવાર દરમિયાન મોત થયું છે.

મળતી વિગતો પ્રમાણે સિક્યોરીટી ગાર્ડ તરીકે સ્વામિનારાયણ ધામ ખાતે સેવાઓ આપતા ૫૯ વર્ષીય પુરૂષનું દુઃખદ અવસાન સારવાર દરમિયાન થયુ છે. આ દર્દી ઓબેસીટીથી પણ પિડાતો હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત કલોલના એક ૭૫ વર્ષીય વૃદ્ધનું પણ આજે સારવાર દરમિયાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મોત થયુ છે. તેઓને સારવાર માટે ૨૯મી જુનના રોજ ગાંધીનગર દાખલ કરવામાં આવ્યા હતા.

ગ્રામીણ વિસ્તારમાં સારવાર દરમિયાન વધતા જતા મોતને લઈ તંત્રમાં ચિંતાની લાગણી વધુ ઘેરી બનતી જાય છે. તંત્રએ આ માટે સઘન સર્વેલન્સ પર વિશેષ ભાર મુકવા સાથે દર્દીઓના ફાસ્ટ ટ્રેકીંગ પર પણ એટલો જ ભાર મુક્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે જે કેસો નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકાના પાંચ, માણસાના બે અને કલોલના ૯ કેસનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના પરબતપુરા ગામેથી એક દંપત્તિનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓને ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આ દંપત્તિને તાવ આવતો હોવાનુ તંત્રના સર્વેલન્સ દરમિયાન જાણવા મળ્યુ હતુ અને તેમને આ માટે રિફર કરવામાં આવ્યા હતા. જો કે આ પછી દંપત્તિ એક ખાનગી હોસ્પિટલમાં ગયા હતા પરંતુ તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

તંત્ર દ્વારા પરબતપુરા ગામમાં સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યું છે.

કલોલમાંથી આજે વધુ નવ કેસ મળી આવ્યા છે. જેમાં ૩ ગ્રામ્ય વિસ્તારના કેસો છે. જ્યારે ૬ શહેરના છે. આજે નોંધાયેલા શહેરના ૬ કેસમાં એક ખાનગી તબીબનો પણ સમાવેશ થતો હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત કલોલ અર્બનમાંથી એક જ પરિવારના બે કેસ મળી આવ્યા હોવાનું પણ જાણવા મળેલ છે.

કલોલના સાંતેજથી, છત્રાલ અને જામળાથી એક-એક કેસ મળી આવેલ છે. જ્યારે અર્બન-૧ અને અર્બન-૨ વિસ્તારમાંથી કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૬ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે જ્યારે ૩ વ્યક્તીઓને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે પાંચ કેસ કોરોનાના પોઝીટીવ નોંધાયા છે. જેમાં રાંદેસણમાંથી ૧, ચિલોડામાંથી ૧,

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વધુ ૩ કેસ નોંધાયા

### સેક્ટર-૩-એ, સેક્ટર-૩૦ અને સેક્ટર-૪-બી માં કેસો નોંધાયા શહેરમાં નોંધાયેલા દર્દીઓનો રિકવરી રેટ સારો છે : સૂત્ર

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૩ કેસ મળી આવ્યા છે. આ સાથે કોરોનાના કેસોની સંખ્યા ૨૩૨ પર પહોંચી છે.

શહેરમાં આજે સે. ૩-એ, સે. ૩૦ અને ૪-બી માંથી કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા ૩ કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૩-એ માંથી એક ૬૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા દર્દીના પરિવારમાં પાંચ સભ્યો છે અને તેમને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

આ મહિલા દર્દી કેવી રીતે સંક્રમિત થયા તે અંગે તંત્રએ તપાસ હાથ ધરેલ છે. જો કે હાલ આ મહિલાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

સે. ૩૦ માંથી એક નિવૃત્ત અધિકારી જેમની આયુ ૭૦ વર્ષ છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ વૃદ્ધ શાકભાજી અને અન્ય વસ્તુઓ ખરીદવા માટે બહાર જતા હોવાનું જાણવા મળેલ છે. આ વૃદ્ધના પરિવારના ૬ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

વૃદ્ધને સારવાર માટે ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૪-બી માં અગાઉ સંક્રમિત થયેલ પરિવારમાંથી જ એક ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

યુવાનના પરિવાર તરફથી હોમ હાઈસોલેશનના વિકલ્પને સ્વીકારવામાં આવ્યો છે અને તંત્રને લેખિતમાં બાંહેધરી આપતાં હોમ આઈસોલેશનની મંજૂરી તંત્ર દ્વારા આપવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે તે ચિંતાજનક જરૂર છે પરંતુ દર્દીઓનો રિકવરી રેટ ખુબજ સારો રહ્યો છે. શહેરમાં નોંધાયેલા કેસો પૈકી હાલ ૪૨ જ દર્દીઓ જ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# પાંચ સેકટરોમાં ઉદ્યાનોને નવા રૂપરંગ અપાશે

### ટુંકમાં કામ શરૂ થશે : અંદાજિત ૬.૫૬ કરોડનો ખર્ચ થશે : ગ્રીન એરિયા, વોકીંગ ટ્રેક, રમતગમતના સાધનો પણ નવા મુકાશે : સે-૩, સે-૩ ન્યુ, સે૬ , સે-૧૩ અને સે-૧૪ના બગીચાની રોનક નિખરશે

ગાંધીનગર તા ૪

ગાંધીનગરના સેકટરોમાં દાયકાઓના અંતે ઉદ્યોનો મરણપથારીએ પડયા છે. ઉજ્જડ બનતા ઉદ્યાનોને નવા રૂપ રંગ આપવા માટે કોર્પોરેશન દ્વારા તબક્કાવાર સેકટરોમાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરના સે-૩, સે--૩ ન્યુ, સે-૧૩ અને સે-૧૪ માં બગીચાનુ નવિનીકરણ કરાશે આ પાંચેય સેકટરોના બગીચાની રોનક નિખરશે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૬.૫૬ કરોડનો ખર્ચ કરાશે.

શહેરના સેકટરોમાં સ્થિત ઉદ્યાનો લાંબા સમયથી જાળવણીના અભાવે ખંડેર બન્યા છે. સેકટરોના મોટાભાગના ઉદ્યાનોમાં રમત ગમતના સાધનો નથી જયારે હરિયાળી લોન પણ સુકી ભઠ્ઠ જોવા મળે છે. ઉદ્યાનોને આનુસંગિક સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાય છે. જયારે સેકટરોના ઉદ્યાનોમાં રાત્રિના સમયે પણ અંધારપટ્ટ જોવા મળી રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિક નાગરિકો પણ બગીચામાં જવાનુ ટાળી રહ્યા છે. બીજીતરફ કોર્પોરેશન દ્વારા સેકટરોના ઉદ્યાનોનુ નવિનીકરણ કરવાની યોજના હાથ ધરવામાં આવી છે. આ અન્વયે અગાઉ શહેરના સે-૭, સે-૨૪, સે-૨૭માં બગીચાઓનુ નવિનીકરણ પણ કરી દેવાયુ છે. આ સેકટરોના ઉદ્યાનોની કાયાપલટ કરવામાં આવતા સ્થાનિકો હવે બગીચાઓમાં સાંજના સમયે હળવાશની પળો માંણતા નજરે પડે છે. જયારે હજુ પણ સેકટરોમાં ઉદ્યાનોનુ રીનોવેશન કરવામાં આવશે. જેમાં આગામી દિવસોમાં સે-૩, સે -૩ ન્યુ , સે-૬ , સે-૧૩ અને સે-૧૪ ના બગીચાનુ કામ હાથ ધરાશે. આ પાંચેય બગીચાઓને નવા રૂપરંગ આપવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જયારે ટુંકમાં ટેન્ડર

● અનુસંધાન પાન-૭ પર

## એકમ કસોટીના આયોજન વચ્ચે શાળાઓને હજુ પણ પાઠ્ય પુસ્તકો મળ્યા નથી

### ગુજરાતી ચિત્ર જેવા સરળ વિષયના પુસ્તકો પુરા પડાયા ગણિત, અંગ્રેજી વિજ્ઞાનના પુસ્તકો હજુ પહોંચ્યા નથી

ગાંધીનગર તા ૪

કોરોનાની મહામારીના સંજોગોમાં શાળા કોલેજો હાલ બંધ છે ત્યારે સરકાર હોમ લર્નિંગના કન્સેપ્ટ સાથે વિદ્યાર્થીઆને ઘરે બેઠા શિક્ષણ મળે તે દિશામાં શિક્ષણ તંત્રને પ્રોત્સાહીત કરી રહી છે. જયારે આગામી દિવસોમાં ધો -૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે એકમ કસોટીનુ પણ આયોજન કરાયુ છે. ત્યારે આગામી દિવસોમાં એકમ કસોટીના આયોજન વચ્ચે હજુ પણ ઘણીખરી શાળાઆને જરૂરી પુસ્તકો મળ્યા ન હોવાનો આક્રોશ શિક્ષકો અને વાલીઓમાં પ્રબળ બન્યો છે.

**તોતિંગ પુસ્તકોને લીંકના આધારે ડાઉનલોડ કરવાનુ પણ વિદ્યાર્થીઓ માટે શિરદર્દ સમાન**

કોરોનાના કહેર વચ્ચે એકબાજુ ઓનલાઈન શિક્ષણ પધ્ધતિ અપનાવી વિદ્યાર્થીઓને ઘરેબેઠા શિક્ષણ મળી રહે તે માટે શાળાઓ કામે લાગી છે. જયારે સરકારે હોમ લર્નિંગના કન્સેપ્ટને વેગ આપવા માટે પણ શિક્ષણતંત્રને સતત પ્રોત્સાહન આપવાનુ કામ કર્યુ છે. હાલ શાળાઓના માધ્યમથી વિદ્યાર્થીઓને ઘરેબેઠા ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. જયારે આગામી તા ૨૭ થી ૨૯ જુલાઈ દરમિયાન શાળા કક્ષાએ એકમ કસોટીનુ પણ આયોજન કરાયુ છે. વિદ્યાર્થીઓ ઓન લાઈન શિક્ષણના સથવારે કેટલુ ગ્રહણ કર્યુ તેનો તાગ મેળવવા માટે પણ આ મુજબની કસોટી લેવા માટેનો આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. બીજીતરફ ઓનલાઈન શિક્ષણની વાતો અને એકમ કસોટીના આયોજન વચ્ચે નગરની

● અનુસંધાન પાન-૭ પર



આકાશી વૈભવ - આજકાલ સંધ્યા સમયનો આકાશી નજારો નયનરમ્ય બનતો જાય છે... અલગ-અલગ આકાર અને અલગ-અલગ રંગ જીવનને થંભાવીને જોવાનું મન થઈ જાય એવા આકર્ષક હોય છે... પ્રકૃતિનો વૈભવ જ કંઈક અલગ હોય છે... છેલ્લા કેટલાય વખતથી સાંજે સંધ્યાકાળે આકાશ સમક્ષ ટગર-ટગર જોવા મન લલચાઈ જાય છે...

## અમે અમારી સત્તાની મર્યાદામાં રહી સામાન્ય સભાની બેઠક બોલાવી છે : શોભનાબેન

### તાલુકાનો સંતુલિત વિકાસ થાય એ અમારૂ લક્ષ્ય છે : રાજકીય ભેદભાવમાં અમે માનતા નથી સૌને વિકાસ યાત્રામાં ભાગીદાર બનાવવા ઈચ્છીએ છીએ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકા પંચાયતની મંગળવારે મળનારી સામાન્ય સભાને લઈ આજે પંચાયત પ્રમુખ શોભનાબેન વાઘેલાએ જણાવ્યુ હતુ કે અમે અમારી સત્તાની મર્યાદામાં રહીને જ સામાન્ય સભાની બેઠક બોલાવી છે. આ સામાન્ય સભા માટે કોઈ રાજકીય એજન્ડા નથી પરંતુ તાલુકામાં વિકાસના કામો હાથ ધરી શકાય તેમજ વિકાસને નવો વેગ મળે તેજ અમારો હેતુ છે.

તેમણે જણાવ્યુ હતુ કે સામાન્ય સભાને બોલાવવા અંગે કેટલાક લોકો જે વાતો કરી રહ્યા છે તેમાં તેમની સત્તાલાલસા છુપાયેલી છે. તાલુકાની નવ બેઠકો અંગે સરકારે તેના પરિપત્રમાં કોઈ સ્પષ્ટ વાત કરી નથી અને અમે આજે પણ સ્પષ્ટ છીએ કે સત્તા એ અમારૂ અંતિમ લક્ષ્ય નથી સેવા માટેનું એ સાધન હોઈ શકે.

શ્રીમતિ શોભનાબેને જણાવ્યુ હતુ કે કારોબારી સમિતિના ચેરમેને જે પત્ર લખ્યો છે તેનો તંત્રના સક્ષમ અધિકારીઓએ જવાબ આપી દીધો છે. અમારા માટે તો તાલુકાનો સંતુલિત વિકાસ થાય એટલુ જ નહિ પણ તમામ સભ્યોને તેમના વિસ્તારમાં વિકાસ કામો માટે રૂ. ૧૦ લાખની જોગવાઈનો મુદ્દો લઈ સૌને વિકાસયાત્રામાં ભાગીદાર બનાવવા માંગીએ છીએ. પંચાયત ધારામાં કરાયેલી જોગવાઈઓનું પાલન કરવા અમે જ નહિ પણ સૌ બંધાયેલા છે. અત્રે મળેલ સત્તાઓને ધ્યાને લઈ અને મર્યાદામાં રહી બેઠક બોલાવી છે. તેમણે કહ્યુ કે સરકારના આદેશો થશે તો અમે પળનો પણ વિલંબ કર્યા વિના હોદ્દો છોડવામાં અચકાઈશુ નહિ.

અમે તાલુકાની જનતા અને ચૂંટાયેલા સૌને વિકાસમાં સામેલ થવા અપીલ કરીએ છીએ.

## ગુજરાત હાઈકોર્ટ સ્ટાફમાં ૮ને કોરોના પોઝિટિવ

અમદાવાદ, તા. ૪

ગુજરાત હાઈકોર્ટમાં આજે પણ કર્મચારીઓના કોરોના ટેસ્ટ કરવામાં આવતા આઠ જણાને કોરોના પોઝીટીવ આવતા સારવાર માટે મોકલ્યા છે. ગુજરાત હાઈકોર્ટમાં ૨૬મી માર્ચથી અરજન્ટ સિવાયના કોર્ટનું તમામ કામકાજ ઠપ છે. અરજન્ટનું કામકાજ પણ વીડિયો કોન્ફરન્સીંગથી થાય છે, છતાં અમુક સ્ટાફને નિયમિતપણે હાઈકોર્ટમાં આવવું પડે છે. આજે ગુજરાત હાઈકોર્ટમાં સ્ટાફની કોરોના અંગે તપાસ કરી રિપોર્ટ કરવતા ૬ કોર્ટના સ્ટાફને તેમજ ૨ વકીલોના ક્લાર્કને કોરોના પોઝીટીવ આવતા તેમને સારવાર માટેની તજવીજ હાથ ધરી છે તેમજ તેમના સંપર્કમાં રહેનાર અન્ય કર્મચારીઓને ક્વોરેન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

## સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં આવતીકાલે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થઈ ગઈ હોવાથી સૌરાષ્ટ્ર સહિત પૂરા રાજ્યમાં સાર્વત્રિક અને ભારે વરસાદ પડવાની શક્યતા છે. બંગાળની ખાડીમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે, જે મુંબઈ થઈને ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. જેથી હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરી છે.

આ સિવાય દાદરાનગર હવેલી, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, ગીર સોમનાથ, કચ્છ, ભરૂચ, સુરત, નવસારી અને વલસાડ, તાપી, ડાંગમાં પણ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામન વિભાગના ડિરેક્ટર જયંત સરકારે જણાવ્યા મુજબ, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે.

જ્યારે અમદાવાદમાં આજે સામાન્ય અને આવતીકાલે ભારે વરસાદ પડવાની આગાહી કરી છે. દાદરા નગર હવેલી, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, ગીર સોમનાથ, કચ્છ, ભરૂચ, નવસારી, વલસાડ, તાપી અને ડાંગમાં ભારે વરસાદની આગાહી કરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com